ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/રસીકરણ/૨૦૧૮/૩૪૨૯-૯૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. ૨૯/૦૬/૨૦૧૮

પ્રતિ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- તા. ૩૦મી. જુન ૨૦૧૮ ના રોજ બાયસેગ દ્વારા પ્રસારિત થનાર કાર્યક્રમ નિહાળવા બાબત.

<u>"ઓરી રૂબેલા રસીકરણ અભિયાન"</u>

સંદર્ભ:- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:૨૦૧૮-૧૯/રસીકરણ/૪૮૯ તા.૨૮/૦૬/૨૦૧૮

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં ૨૦૨૦ સુધી ઓરીનુ નિવારણ અને રૂબેલાનુ નિયંત્રણ લાવવાના હેતુથી ઓરી રૂબેલા રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. ગુજરાત રાજ્યમાં આ અભિયાનની શરૂઆત તા. ૧૬ મી જુલાઈ. ૨૦૧૮ થી કરવામાં આવનાર છે.

આ અભિયાન અંતર્ગત રાજ્યમાં ૯ માસથી ૧૫ વર્ષ સુધીના આશરે ૧.૮ કરોડ બાળકોને આ રસી હાથના જમણા બાવળામાં આપવામાં આવનાર છે. જેમાં તમામ સરકારી અને ખાનગી શાળાઓના ૧.૨૬ કરોડ બાળકો, આંગણવાડીના ૩૬ લાખ બાળકો અને આઉટરીચ સેશનના ૧૮ લાખ બાળકોને આવરી લેવામાં આવશે.

"ઓરી રૂબેલા રસીકરણ" અભિયાનને સફળ બનાવવા માટે રાજ્યભરમાં ફરજ બજાવતા શિક્ષકો, આશા અને આંગણવાડી કાર્યકરો સુધી અભિયાનની સચોટ જાણકારી માટે તથા તેઓ સમક્ષ આ સંદેશો પહોંચે તે હેતુથી <u>રાજ્યકક્ષાએ તા. ૩૦ મી જુન, ૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે બાયસેગ સેટકોમનુ આયોજન કરવામાં</u> આવેલ છે.

આપના જિલ્લા હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓને બાયસેગ દ્વારા પ્રસારિત થનાર કાર્યક્રમ નિહાળવા માટેની જરૂરી વ્યવસ્થા કરવા આપની કક્ષાએથી સુચના આપવાની રહેશે.

---

ક્રમાંક /માવિ3/ પરિપત્ર/ ૨૮૯૮૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ ૨૮-૬-૨૦૧૮

૦૨/- નકલ રવાના માણ તથા અમલ સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોનગ્રાન્ટેડ
શાળાઓ તમામ, પાલનપુર
બનાસકાંઠા